## સ્ટ્રેસ મેનેજમેન્ટ એન્ડ વેલ્યુ બેઝ્ડ બે દિવસીય કાર્ય શિબિર

"Strees Management and Value based management" *શીર્ષક હેઠળ*

*તા.*16 *અને* 17 *જુન*,2017

*આજના આધુનિક યુગમાં, ટેકનોલોજી ના યુગમાં માનવ અને સમાજ જ્યારે વિકાસશીલ થઈ રહ્યો છે. દોડધામના આ જીવનમાં મનુષ્ય પાસે ભૌતિક સુખ –સુવિધાઓ છે, છતાં તે સતત એક વસ્તુની શોધમાં રહે છે અને તે છે – 'શાંતિ'. યાંત્રિક યુગમાં જીવન ગતિશીલ છે. અપેક્ષાઓ વધી ગઈ છે. પ્રશ્નો તો દરેકને છે જ, પરંતુ તે પ્રશ્નોનો વ્યવસ્થિત માર્ગ કાઢવો એ જરૂરી છે. આમ, આ સાંપ્રત વ્યાપક સમસ્યાના નિરાકરણ માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ હોલ ખાતે* "Strees Management and Value based management" *શીર્ષક હેઠળ તા.૧૬ અને ૧૭ જુન ,૨૦૧૭- બે દિવસીય કાર્ય શિબિરનું આયોજન માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીના માર્ગદર્શન હેઠળ થયું હતું. માનનીય કુલસચિવશ્રી ડૉ. અમી ઉપાધ્યાય, એકેડેમિક ડાયરેક્ટર ડૉ. મનોજ શાહ, નિયામક (*SS*) ડૉ. આવા શુક્લાએ દીપ પ્રજવલિત કરી કાર્ય શિબિરનો શુભ આરંભ કર્યો હતો.આ કાર્ય શિબિરના મુખ્ય વકતા અને મુખ્ય મેહમાન બ્રહ્માકુમારી – આધ્યાત્મિક યુનિવર્સિટીના પૂજ્ય સાવિત્રી દીદી હતા. જેમના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના વહીવટી કર્મચારીઓએ સ્ટ્રેસ દૂર કરીને સકારાત્મક જીવન શૈલી જીવવાના અભિગમને અપનાવવાનો પ્રયત્ન કર્યો હતો. પૂજ્ય દીદીના પ્રેરણાદાયક બે દિવસીય કાયશિબિરમાં – સ્નેહ, સહયોગ, ચિત્તના શુદ્ધિકરણ અને સહાનુભૂતિથી પ્રાપ્ત મનની શાંતિ અને જીવન જીવવાના નવા દ્રષ્ટિકોણની દિશા પ્રાપ્ત થઈ. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન પરફોર્મિંગ આર્ટસ વિભાગ અને એક્ષટેન્શન એક્ટીવીટી દ્વારા કરવામાં આવ્યું હતું.*



